

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*દુર્યોધનનું ખાઈને ભીષ્મનું પણ ભમી ગયું,*
*ષડયંત્ર કૌભાંડોના અધર્મ પણ ખમી ગયું,*
*ગમી ગયું ધૃતરાષ્ટ્રને વારસાગત વાત્સલ્ય -*
*મૂલ્યો ને નિષ્ઠા સામે અધર્મનું પલ્લું નમી ગયું.*

હાઈકુ

*તંત્ર પ્રવૃત્ત*
*હા જી હા કરવામાં -*
*પટાવે પૂંછ!*

*આપે સલાહ*
*કડુ હોય તો પણ*
*સાચો સચિવ*

### ચિંતન

*ઋતુર્વ્યતીતઃ પરિવર્તતે પુનઃ ક્ષયં પ્રયાતઃ પુનરેતિ ચંદ્રમા ।*
*ગતં ગતં નૈવ તુ સન્નિવર્તતે જલં નદીનાં ચ નૃણાં ચ યૌવનમ્ ॥*

**ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડમણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**ઋતુઓ ફરીથી એની એ જ આવે છે. ક્ષય પામેલો ચંદ્ર પણ ફરી પૂર્ણ કળાએ ખીલે છે, પણ નદીનાં પાણી જે એકવાર વહી ગયા છે તે અને યૌવનનો કાળ જે એકવાર પસાર થઇ ગયો છે તે બીજી વાર આવતો નથી. ઋતુનું ચક્ર એના નિયમ પ્રમાણે ચાલતું જ રહે છે. આપણે વૈવિધ્ય ખાતર ગયા વર્ષની ઠંડીની કે ગરમીની આ વર્ષની સાથે સરખામણી કરીએ છીએ પણ ઋતુ એના નિયમ પ્રમાણે ફરી વાર આવે છે.**

**ચંદ્રની કળામાં વધઘટ થાય, અમાસમાં અદૃશ્ય ભલે થાય પરંતુ પૂનમ અને અમાવસ આવ્યા કરે છે, પણ નદીમાં પસાર થતું પાણી દરેક ક્ષણે નવું જ હોય છે. અને યૌવનકાળ પણ પસાર પછી બીજી વાર આવતો નથી. બુદ્ધે એક નાવિકને પૂછ્યું કે જે વર્ષોથી નદી પાર કરાવવા માટે હોડી ચલાવે છે. 'તમને વારંવાર આ કાંઠેથી પેલે કાંઠે જવાનો રોજના ક્રમથી કંટાળો નથી આવતો?' અભણ નાવિકે કહ્યું, 'ભગવાન, દરેક ફેરે નદીનું પાણી અલગ જ હોય છે, મને એનો આનંદ હોય છે.'**

### સુવિચાર

- ચિંતા ઉતની કરો કો કામ હો જાયે.... ઈતની ભી નહીં કી જિંદગી તમામ હો જાયે...!! - **બલવંતસિંહ**
- રસ્તા બદલો નહીં, રસ્તો બનાવો - **ડેવિડ આર્થર**
- સદ્ગુણોથી શરુઆત પોતાનાથી જ કરવી જોઈએ, જ્યાં સુધી પોતાની આંગળી કંકુવાળી ન થાય ત્યાં સુધી સામેવાળાના કપાળે તિલક ન થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- જેને પોતાનું ધાર્યું કર્યાનો સ્વભવ હોય તેના અંતરમાં સુખ ન આવે અને અડધા બળેલા કાષ્ઠ જેવો રહે - **જીવન પાથેય**
- આ માણસ, અજાયબ અને અળળું ભણે છે, ફસલને નહીં વાવણીને લણે છે, નથી હોશ એન કે ગુંગળાઈ જશે, એ બારી વિનાની ઈમારત ચણે છે - **ચંદ્રકાન્ત શેઠ**
- ધનથી નહીં મનથી ધનવાન બનવું... કારણ કે મંદિરમાં ભલે ટોચ સુવર્ણ કળશ લાગેલા હોય, માથું તો પથ્થરના પગથિયે જ નમાવવું પડ છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : ગઠિયા વામાં અજમાના ચૂર્ણને પોટલીમાં મૂકી લોખંડની તાવડી પર સેકી ગરમ શેક કરવાથી તરત દુઃખાવો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ગામની બહાર બે સંત ઝૂંપડી બનાવીને રહેતા હતા. તેઓ અલગ અલગ ગામાં ભિક્ષા માંગવા જતા. સાંજે બંને ઝૂંપડી પર આવી જતા. એકવાર જયારે બેવ ભિક્ષા માંગી પરત આવ્યા ત્યારે વાવાઝોડાને કારણે તેમની ઝૂંપડી અડધી ટૂંટી ગઈ હતી. એક સાધુને ખૂબ ગુસ્સો આવ્યો. તેણે ભગવાનને મનમાં ને મનમાં ખૂબ ખરું-ખોટું સંભળાવ્યું કે હું રોજ તમારા નામની માળા કરુ છું. ભક્તિ કરું છું. અને છતાં મારી અડધી ઝૂંપડી ટૂટી ગઈ અને ગામના જે લોકો ચોર-લૂંટારા જેવા છે તે તમામના ઘર સલામત છે. આ તે કેવો ન્યાય? લાગે છે તમને અમારી ચિંતા નથી. જયારે બીજો સાધુ મનોમન ભગવાનનો આભાર માનવા લાગ્યો. તેણે ભગવાનને દિલથી યાદ કર્યા અને મનમાં કહ્યું, 'હે પ્રભુ, આજે મને વિશ્વાસ થઈ ગયો, કે તું અમને સાચો પ્રેમ કરે છે. અમારી ભક્તિ અને પૂજાપાઠ વ્યર્થ નથી ગયા. આ તોફાનમાં પણ તેં અમારી ઝૂંપડી બચાવી લીધી. ભલે અડધી તો અડધી એવી આ ઝૂંપડીમાં તમારું નામ લેતા લેતા રહીશું. મારો તમારા પરનો વિશ્વાસ આજે વધુ દૃઢ બન્યો છે.' સાર એટલો કે આપણએ પણ સકારાત્મક વિચાર સાથે પરિસ્થિતિને જોવી જોઈએ. અહીં પ્રસ્તુત બોધકથામાં પહેલો સાધુ પરિસ્થિતિ અંગે નકારાત્મક વિચારે છે. જયારે બીજો સાધુ એ જ અડધી તૂટેલી ઝૂંપડી જોઈ ભગવાનનો આભાર માને છે. કારણ કે ભગવાન પર ભરોસો કરે છે અને તે સકારાત્મક વલણ અપનાવે છે. આપણે પણ આપણા ખરાબ સમયમાં નકારાત્મક વાતોથી બચવું જોઈએ.

# આજકાલ વાણી સંયમ જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

અફઘાનિસ્તાનાં તાલિબાન શાસન સ્થાપિત થઈ રહ્યું હોવાના સમાચારથી દેશ આખો ચિંતાગ્રસ્ત છે. ગમે તેટલા મીઠા બોલ બોલે પણ તાલિબાન આખરે આતંકવાદી છે અને અલકાયદા જેવા ખૂંખાર ત્રાસવાદીઓના સમર્થક રહ્યા છે. અમેરિકાના ટ્વિન ટાવર્સ પર હુમલો કરનાર અલ કાયદાને તાલિબાનના સંસ્થાપક મુલ્લા ઉમરનું સંરક્ષણ હતું અને આ તમામ આતંકવાદીઓને સાઉદી અરબ જેવો અમેરિકાનો મિત્રદેસ આર્થિક હૂંફ પૂરી પાડતો રહ્યોહતો. માનવતાના ધોરણે આજે પણ સંયુક્ત આરબ અમિરાત એક તરફ તાલિબાનના કોફથી ડરીને ભાગી છૂટેલા પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અશરફ ગનીને આશ્રય આપે છે અને બીજી તરફ ભૂખમરો વેઠી રહેલા અફઘાનિસ્તાન માટે ખાધાખોરાકી મોકલી આપે ઓછે. એ સમજી લેવું જરૂરી છે કે ઈસ્લામના નામનું ઝનૂન પાકિસ્તાન અને અફઘાનિસ્તાન પૂરતું મર્યાદિત નથી. અંદરોઅંદર શિયા-સુન્ની લડતા ઝઘડતા રહેતા હોવા છતાં અંતતોગત્વા એ તમામ ઈસ્લામપંથી છે અને ઈસ્લામને નહીં માનનાર બાકીના બધાને એ 'કાફર' સમજે છે. એટલે અમેરિકાએ અબડો ડૉલરનું પાણી કરીને વીસ વરસ સુધી પહાડી પ્રજાને સુસંસ્કૃત કરી આધુનિક વિશ્વની હરોળમાં લાવવા કરેલા પ્રયત્નો છતાં એ જ અફઘાન સેનાએ મુઠ્ઠીભર તાલિબાની આતંકવાદી લડવૈયાઓ સામે આત્મસમર્પણ કરી દીધું. ભારતના મુસલમાનોએ તાલિબાનની વિજયગાથાથી રાજી થવા જેવું નહોતું - છતાં ઉત્તરપ્રદેશના મૌલવીઓ અને મુન્નવર રાણા જેવા લોકપ્રિય શાયરે તાલિબાનના વિજયનાં વધામણાં ગાયાં. એમનો તાલિબાનો દ્વાર શરિયા કાનૂનના ઓઠા હેઠળ ખુદાના નામે નિર્દોષ પ્રજા પર થઈ રહેલી બેરહેમીની ચિંતા નથી. સ્ત્રીઓ પર થતા જુલમ નરી આંખે ટીવી ચેલનો પર નિહાળતા હોવા છતાં એ જુલ્મ ત્રાસવાદીઓને અભિનંદન આપી શકે છે. અમેરિકાના પગલે આખી દુનિયાએ અફઘાનિસ્તાનમાંથી પલાયન થઈ જવાનું પસંદ કર્યું છે. રાજકીય અને આર્થિક લાભની દૃષ્ટિએ ફક્ત લૂચ્ચાં ચીન અને રશિયાના દૂતાવાસો ચાલુ રહ્યા છે. પરંતુ તાલિબાનોને પણ આર્થિક અને ડિપ્લોમેટિક સહયોગ અને સ્વીકૃત જોઈએ છે જે એકલા કંગાળ પાકિસ્તાનના સમર્થનથી પ્રાપ્ત થઈ શકે એમ નથી. પાકિસ્તાન તો એમનું 'ઘર' છે બલકે 'પારણું' જ છે - એ હવે દીવા જેવું ચોખ્ખુ થઈ ગયું છે. ત્યારે હવે જયારે કાશ્મીર જેવી સળગતી સમસ્યા પર સવાલ ઉઠાવવાનો પોતાનો 'ઈસ્લામ સિદ્ધ' અધિકાર માની તાલિબાન પાકિસ્તાન આર્મી અને કુખ્યાત જાસૂસી એજન્સી આઈએસઆઈની આંગળી પકડી એને આવડતી એક માત્ર રમત - ત્રાસવાદ દ્વારા ભારત સામે પડકારરુપ બની રહેલ છે ત્યારે ડાહ્યા અને શાણા ગણાતા આંગળીને વેઢે ગણી શકાય એવા કટ્ટર મુસ્લિમ બિરાદરોએ એક એક શબ્દ સંયમપૂર્વક ઉચ્ચારવાની જરૂર છે. મુન્નવર રાણા જેવાં બેફાન નિવેદનોથી દેશની ગરીબડી મુસ્લિમ પ્રજા મુશ્કેલીમાં મુકાઈ શકે છે. જાવેદ અખ્તરે આ વાત બહુ જ સ્પષ્ટ શબ્દોમાં કરી પરંતુ સાથે જ એમને બહુમતી હિંદુ સમુદાયનું સાંસ્કૃતિક નેતૃત્વ કરતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળને તાલિબાન સાથે સરખાવીને એ જ ગરીબડી મુસ્લિમ પ્રજા કે જેને આ દેશમાં રહી રોજીરોટી રળવાની છે - એને મુશ્કેલીમાં મૂકી દીધી છે. મુન્નવર રાણા અને જાવેદ અખ્તર હિંદુ બહુમતીનાં ધાર્મિક - સાંસ્કૃતિક સંસ્થાઓ સામે ઝેર ઓકીને બિન જરૂરી તકરારનાં બીજ રોપી રહ્યાં છે. હિંદુ રાષ્ટ્રની શિયરીના સમર્થક સંગઠનો તાલીબાન જેવાં હિંસક નથી. કયારેક ગૌ હત્યા જેવા સંવેદનશીલ મુદ્દો 'મોલ લિન્ચિંગ' ની છૂટપુટ ઘટનાઓ જરૂર બનતી રહી છે પણ એમાંથી બોધપાઠ લઈ મુસ્લિમઓએ સુધરી જવાની જરૂર છે. જાવેદ અખ્તરે કોંગ્રેસી શાસન દરમિયાન પત્ની શબાના સહિત રાજયસભાનું સંસદ પર શોભાવ્યું છે એટલે એમનાં વિધાનોથી મુખ્ય વિપક્ષ કોંગ્રેસને પણ નુકશાન જ થવાનું છે. ખરું શાણપણ નસીરુદ્દીન શાહે દાખવ્યું છે. એમણે દેશના મુસલમાનોને તાલિબાનના ઉદયથી ઉત્સાહમાં આવી જતાં ટોક્યા છે.

# અભિવ્યક્તિની સ્વતંત્રતા છતાં પણ ધરપકડ શક્ય

## આઈટી એકટની કલમ ૬૬(એ) રદ : આઈપીસી ધારા ૧૫૩ અને ૫૦૫ મુજબ પોલીસ ધરપકડ કરી શકશે

**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**



ભારતની સર્વોચ્ચ અદાલતે આઈટી એકટની કલમ ૬૬(એ) બંધારણની વાણી સ્વતંત્રતાનો ભંગ કરતી હોવાથી માહિતી મેળવવાના જનતાના અધિકાર ઉપર કલમ ૬૬(એ) તરાપ સમાન ગણાવી વાણી સ્વતંત્રતાની કલમ ૧૯(૧)(એ) નું ઉલ્લંઘન કરનાર ગણાવી રદબાતલ કરતા અભિવ્યક્તિની સ્વતંત્રતા મળે છે તેમ છતાં આ કલમનો દૂર ઉપયોગ કરી વાણી સ્વતંત્રતાનો અર્થ ગાળાગાળી કરે બિભત્સ લખાણ લખી કે દ્રશ્ય, શ્રાવ્ય સાધનો દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવે તો આઈ.પી.સી.ની કલમ ૧૫૬ તથા ૫૦૫ મુજબ પોલીસ આવો ગુન્હો કરનારની ધરપકડ કરી શકે છે તેમજ કોર્ટ સજા અને દંડ બન્ને ફરમાવી શકે છે.

કોમી હિંસા અથવા સામાજીક અરાજકતા સર્જનાર માહિતી માટે સરકાર વેબસાઈટ પણ બ્લોક કરી શકે છે. ભારતના વિદેશો સાથેના સંબંધો પર અસર પાડે તો તેવા કિસ્સામાં પણ ધરપકડ કરી શકાશે. એક વ્યકિત માટે ઉષ્કેરણી જનક બાબત અન્ય માટે ના પણ હોઈ શકે તે માટે કઈ બાબત ઉષ્કેરણી જનક છે તે પોલીસ કેવી રીતે નક્કી કરે તે પ્રશ્ન છે. ઓનલાઈન પોસ્ટ કરતી સામગ્રી માટે સરકારને વેબસાઈટ બ્લોક કરવાની પરવાનગી અદાલતે આપેલ છે.

છેલ્લા કેટલાક સમયથી સોશ્યલ મીડીયા તથા ઈન્ટરનેટ વપરાશ કર્તા સરકાર માટે ખલનાયક બનેલા કોઈપણ રાષ્ટ્રીય મુદ્દાને અભિવ્યકત કરતા સમયે અપમાન જનક ટીપ્પણી, અભદ્ર ભાષાનો ઉપયોગ દ્રશ્ય, શ્રાવ્ય માધ્યમ દ્વારા સહજતાથી કરવામાં આવતો હતો. જે અંગે આઈટી એકટની કલમ ૬૬(એ) વિઘ્ન સમાન હતી જે રદ કરતા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ જે. ચેલેશ્વર અને આર. એફ. નરીમાનની બેન્ચે જણાવેલ કે આઈટી એકટની કલમ ૬૬(એ) દ્વારા માહિતી મેળવવાના જનતાના બંધારણીય અધિકારનું સીધે સીધું ઉલ્લંઘન આ કલમથી થતું હતું. ભારતીય બંધારણમાં અપાયેલ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર આ કલમથી ભંગ થતો હતો કલમ ૬૬(એ) નો કોઈ ભંગ નહિ થાય તેવા સરકારી વચનો ઉપર સુપ્રિમ કોર્ટ વિશ્વાસ રાખી શકે નહિ તેમ છતાં આવો ઔચિત્ય ભંગ થતો હોય તો આઈ.પી.સી.ની કલમ ૧૫૩ તથા ૫૦૫ અમલમાં છે જે દ્વારા પોલીસ ગુન્હેગારને પકડી શકે છે. જેમાં ત્રણ વર્ષ સુધીની કેદની જોગવાઈ છે જ કોર્ટે નોંધે કે કલમ ૬૬(એ) ક્ીહ્પ્ીીજં અનેૅ હ્નૈષ્ઠ હ્વૈર્જક્ીીજં નિષ્ફળ ગયેલ છે તેથી તે ગેરબંધારણીય છે. આ કલમ ઉષ્કેરણી જનકની સ્પષ્ટ વ્યાખ્યા કરી શકતી નથી. તેથી તેનો દૂર ઉપયોગ નહિ થાય તેવા સરકારી વચનોનો કોર્ટને વિશ્વાસ નથી જેથી કાયદાની યોગ્યતા અને તેના ગુણો ઉપર જ કલમ ૬૬(એ)ની વ્યાખ્યા થઈ શકે.

અદાલતે જણાવેલ કે કોઈ પણ બાબતની ચર્ચા, તરફેણ અને ઉષ્કેરણી જનક બાબતો વચ્ચે ઘણો મોટો તફાવત છે. ત્રણેયને એક જ વ્યાખ્યામાં ગણી શકાય નહિ. ચર્ચા અને તરફેણ કેટલીક વ્યકિતને પસંદ ના આવી શકે જેથી વ્યકિતનો વાણી સ્વતંત્રતાનો હક્ક મારી શકાય નહિ.

વાણી સ્વાતંત્રતાનો અર્થ ગાળાગાળી કે બિભત્સ ભાષાનો પ્રયોગ કે લખાણોનો થતો નથી તે માટે અલગથી આઈ.પી.સી. માં જોગવાઈ છે કલમ ૬૬(એ) થી પોલીસને ઘણી જ અમર્યાદિત સત્તા મળતી હતી અને પોલીસ દ્વારા કાયદાનો દૂર ઉપયોગ થતો હતો. કલમ ૬૬ ના પીડીતો ભારતમાં ઘણા બધા છે. સુ.શ્રી મમતા બેનરજીનું કાર્ટન ઈનટનેટ ઉપર પોસ્ટ કરવાના ગુન્હામાં મહાપાત્રની ધરપકડ વખતે પોલીસ વગોવાઈ હતી તે જ રીતે

અનુસંધાન પાના નં. ૭ પર

# સૌ સાથે મળી સંવેદનાઓથી ભરપૂર અને લાગણીશીલ સમાજની રચના કરીએ!

**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**



**ભરી મહેફીલ માં તમે કાં નયનો ને લુછો?**
**વેદના અમારી સંવેદનશીલ ટેરવાં ને પુછો!**
**- સારથિ**

આપણો ભારત દેશ અનેકતામાં એકતા રાખનારો અને સમાન, વિશાળ હૃદય ધરાવનારા લોકોનો દેશ છે એ આપણે આ મહામારીના કપરા કાળમાં સાબિત કર્યું. આ વર્ષે વરસાદ એકવાર મોંઢું બતાવીને પછી જાણે સાવ જ રિસાઈ ગયો હોય તેમ દેશ અને રાજ્યના અમુક ભાગમાંથી જાણે સાવ જ ગાયબ થઈ ગયો. વરસાદ ઓછો થશે કે નહિ આવે તેવી ભીતિ આપણને સૌને હોય પરંતુ, જેમનો મુખ્ય વ્યવસાય જ ખેતી હોય તેમજ સંપૂર્ણપણે જેમનો જીવનનિર્વાહ ખેતી દ્વારા જ થતો હોય તેમના માટે આ વિશેષ ચિંતાનો વિષય ગણાય. ગ્લોબલ વોર્મિંગ, pollution જેવી અનેક તકલીફો વચ્ચે આપણે કુદરતને વિનવીએ છીએ કે અમે ભલે ગમે તેટલી ભૂલો કરીએ પણ તારે રૂઠ્યા વિના તારું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક બજાવવાનું છે! ચારેબાજુ ચોરી, લૂંટફાટ, મારધાડ અને આ પ્રકારના અનેક દૂષણોથી સમાજ પીડાઇ રહ્યો છે તેવી વેદના સૌ વ્યક્ત કરે છે પરંતુ, અંદરથી તો આપણો અંતરઆત્મા, પરમકૃપાળુની અસીમ દયા આપણા પર વરસશે જ અને તે આપણને આમાંથી ઉગારી જ લેશે તેમજ પોકારી રહ્યો છે! કવિશ્રી પૂજાલાલ લખે છે તેમ

રેલાઈ આવતી છોને બધી ખારાશ પૃથ્વીની,
સિન્ધના ઉરમાંથી તો ઊઠશે અમી-વાદળી!"

આપણા સકારાત્મક અભિગમ છતાં પણ જો વર્ષારાણી આપણા પર નારાજ થાય અને ન જ વરસે તો દુષ્કાળગ્રસ્ત પરિસ્થિતિમાં આપણે ખૂબ જ સંયમપૂર્વક વર્તવું પડશે તેમજ આપણાથી આર્થિક રીતે ઓછા સક્ષમ હોય તેવા લોકો પ્રત્યે- ખાસ કરીને ખેતીવાડી પર નિર્ભર લોકો પ્રત્યે વિશેષ સંવેદનશીલ વલણ અપનાવવું પડે..!! શ્રી નારાયણ દેસાઈએ જર્મનીના એકપાદરીનું એક સચોટ અને હૃદયસ્પર્શ ઉદાહરણ ટાંક્યું હતું: "મૂળ જર્મનીથી આવેલા પાદરી ફાધર કુન્તસે બ્રાઝિલના સાઓ પાઓલા શહેરની એક ઝૂંપડપટ્ટીમાં સ્વેચ્છાએ નિવાસ સ્વીકાર્યો હતો. એકવાર દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં ભયંકર દુકાળ પડ્યો ને લોકો ગામડામાંથી ઉચાળા ભરીને શહેર તરફ આવવા માંડ્યા, ત્યારે શહેરના લોકોએ છાપાંને પત્રો લખીને કહ્યું કે શહેરની અનાજની દુકાનો લૂંટાવાનો ભય ઊભો થયો છે, એટલે દુકાનદારોને બંદૂકના પરવાના આપવા જોઈએ. ભૂખે મરતાં લોકોના આ પ્રકારના સ્વાગતની વાત વાંચી ફાધર કુન્તસના હૃદયમાં જે પીડા થઈ તેમને ઉત્તર-પશ્ચિમમાં લઈ ગઈ. ત્યાંના કસ્બાના મુખ્ય દેવળમાં જઈને તેમણે જાહેર કર્યું કે પોતે ૨૧ દિવસના ઉપવાસ પર ઉતરે છે. શરૂઆતમાં તો લોકોએ એમની હાંસી કરી: "ઉપવાસ કરવાથી ભૂખમરો ઓછો જ મટવાનો છે?" પણ ફાધરને તો ખૂંચતી હતી નગરજનોની હૃદયશૂન્યતા. તેમણે ચૂપચાપ ઉપવાસ ચાલુ રાખ્યા.

બેદિવસ, ત્રણ દિવસ, ચારદિવસ, લોકોવિચારવા લાગ્યા : "આ તો દક્ષિણનો માણસ. એ આપણી ખાતર કષ્ટ વેઠે છે?' કોઈ કોઈએ આવીને પૂછ્યું. "અમે શું કરી શકીએ? અમે તમારી જોડે ઉપવાસ પર બેસીએ ફાધરે કહ્યું: "ભૂખે મરતા લોકોની પીડ જેમણે ખરેખર પિછાણી હોય તેઓ એક કામ કરે, પોતપોતાના ઘર બહાર એક પાટીયું મૂકી તેની ઉપર આટલું લખી દે: "આ ઘર સૌને સારું ખુલ્લું છે. અમારી પાસે જે કંઈ ખાવાનું હશે તે અમે તમારી સાથે વહેંચીને ખાશું. રોટલામાંથી બટકું બટકુંને એય નહીં હોય તો સાથે બેસીને ભગવાનની પ્રાર્થના કરીશું." હવે એક પછી એક ઘરની આગળ ખુલ્લા ઘર" નાં પાટીયાં મુકાવા લાગ્યા. ૨૧ દિવસને અંતે તો એ શહેરમાં હજારો ઘરો સામે પાટીયાં મુકાઈ ગયાં ને બંદૂકના પરવાના માંગતું શહેર ભૂખ્યા લોકો સારું ઘર ખુલ્લા મૂકતું થઈ ગયું."

આપણે અધિક માસ કે શ્રાવણ માસના ઉપવાસમાં કે રમજાનના રોજા રાખતા સમયે આપણા હિસ્સાનું ભોજન જો કોઈ ભૂખ્યાને જમાડીશું તો ઈશ્વર કે અલ્લાહના દરબારમાં એની નોંધ ચોક્કસપણે થતી જ હશે!

મોજશોખ કે એશઆરામની વસ્તુઓ વિના ચલાવી શકાય પણ જે દુર્ભાગ્યશાળી લોકો બે ટંકનું ભોજન પણ ન મેળવી શકતા હોય તેમની કોઈ પણ પ્રકારે મદદ કરવી એ માનવતાની નિશાની છે! આપણે કેટલાક અપવાદરુપ ખરાબ અનુભવોની કડવાશને મનમાં ભરીને યાદ કરવા કરતાં સંવેદનશીલ બની એકબીજાને મદદરુપ બનીએ તો જ આપણું મનુષ્યજીવન સાર્થક ગણાય! આપણે આજે દરેક ક્ષેત્રમાં ખૂબ ઝડપથી પ્રગતિ અને વિકાસ કરી રહ્યા છીએ! તો એ જ રીતે એક સુંદર સંવેદનશીલ સમાજની રચના કરવી એ પણ એટલું જ આવશ્યક છે. દરેક વ્યક્તિમાં સહાનુભૂતિ, અનુકંપા અને સહૃદયતા જેવા સદ્ગુણો ઉપસ્થિત રહેલા હોય જ છે, માત્ર તેને ઢંઢોળીને વધુ જાગૃત કરવાની આવશ્યકતા છે!

આપણા અર્થતંત્રની નિષ્ફળતાને કારણે આજે સમાજમાં અતિશય ધનાઢ્ય હોય તેવાવર્ગની સાથોસાથ ગરીબી રેખાની પણ નીચે જીવતા લોકો પણ સમાજમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે! તો એવા લોકોને ગરીબીની યાતનામાંથી થોડી રાહત આપવી એ આપણા સૌની નૈતિક ફરજ છે! તો આવો, સૌ સાથે મળીને એક સંવેદનાઓથી ભરપૂર એવા લાગણીશીલ સમાજની રચના કરીએ!

Last Seen :
તને ડૂબતો
જોઈને હું તારા
તરફ દોડ્યો
હતો....
મદદ કરવા નહીં
તને સાથ દેવા
નહીંતર મનેય
કયાં તરતાં
આવડે છે... !!

- unknown

- nehalgadhavi101@gmail.com

# સાંકળચંદભાઈ પટેલ : ભણવામાં મોળા પૂરવાર થયેલા, માત્ર ત્રણ ચોપડી ભણેલાના નામે વિશ્વવિદ્યાલય બન્યું

**નવી સવાર**
**રમેશ તન્ના**



ધીરૂભાઈ ઠાકર ગૂજરાત કોલેજમાંથી પ્રોફેસર તરીકે નિવૃત્ત થઈને ઉત્તર ગુજરાતમાં એક પ્રસંગે ગયા. ગુજરાતના મોટા ગજાના સહકારી આગેવાન, કર્મયોગી અને ગરીબોના બેલી સાંકળચંદભાઈ પટેલે એમને પૂછ્યુંઃ હવે શું કરવાના? ઠાકર સાહેબે કહ્યું કે ગુજરાતી ભાષામાં વિશ્વકોશ કરવાનું આયોજન છે પણ.. આમ કહીને તેમણે એ પ્રકલ્પ માટે પૈસાની સુવિધા નથી એ હકીકત જણાવી. માત્ર ત્રણ ધોરણ સુધી ભણેલા આ લોકપુરુષે કહ્યું કે પૈસાની તમે ચિંતા ના કરો. આપ વિદ્યાપુરુષ છો, આપ આપનું કામ કરો, પૈસાની ચિંતા મારા પર છોડો.. એ પછી તો ધીરૂભાઈ ઠાકર



પલાંઠીવાળીને બેસી ગયા અને ગુજરાત રાજ્યને માતૃભાષામાં વિશ્વકોશ (Encyclopedia) સાથે એક જબરજસ્ત સંસ્થા પણ મળી. આજે પણ અમદાવાદસ્થિત ગુજરાત વિશ્વકોશ ભવનમાં, પ્રવેશદ્વારે જ તેમની વિદ્યાપ્રીતિનું સ્મરણ કરાવતી શ્રી સાંકળચંદ પટેલની અર્ધપ્રતિમા જોઈને દરેક ગુજરાતીની છાતી ફૂલે છે.

ગુજરાતના ઉત્કર્ષમાં સાંકળચંદભાઈ પટેલનું મોટું પ્રદાન છે. તેમનો જન્મ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૦૯ના રોજ વીસનગરમાં થયો હતો. તેમણે વીસનગરમાં અંગ્રેજી ત્રણ ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો તેઓ અભ્યાસમાં મોળા પૂરવાર થયા એટલે શાળાને રામરામ કહ્યા. ૧૯૧૩માં તેમનાં લગ્ન ઉમિયાબહેન સાથે થયાં હતાં. તેમને એક પુત્ર અને ચાર પુત્રીઓ. સાંકળચંદદાદા શિક્ષણનું મહત્ત્વ સમજતા હતા, તેમણે પોતાની પુત્રીઓને વડોદરાસ્થિત આર્ય કન્યા મહાવિદ્યાલયમાં ભણાવી, કન્યા કેળવણીનો પ્રારંભ પોતાના ઘરેથી જ કર્યો હતો.

ગરીબીને દૂર કરવા તેમણે સહકારી પ્રવૃત્તિનું પારણું બાંધ્યું જેમાં અનેકવિધ સંસ્થાઓને ઝૂલાવી ઝૂલાવીને મોટી કરી. આર્થિક વિકાસ વિના ખેડૂતો અને ગ્રામજનોનું જીવન ધોરણ ના સુધારી શકાય તેવું જાણતા શ્રી સાંકળચંદદાદાએ અનેક મંડળીઓ કરી. ગ્રામભારતી, અમરાપુરમાં વિદ્યાર્થીઓને સંબોધતાં તેમણે કહ્યું હતું કે મજૂરી કરનારને તેનો બદલો ના મળે તો સ્વરાજ કેવું ? શોષણ ના અટકે તો સુખ કેવું ?

શ્રી સાંકળચંદદાદાએ સ્વતંત્રતાની લડત, ગ્રામ સ્વરાજ, શિક્ષણ, સહકાર વગેરે ક્ષેત્રે તેમણે માતબર પ્રદાન કર્યું હતું. તેઓ પરગજુ હતા. ગરીબોના બેલી હતા. એક ગરીબને ઘર માટે પતરાં જોઈતાં હતાં. સરકારમાંથી મેળ ના પડ્યો તો શ્રી સાંકળચંદદાદાએ પોતાનાં ઘરનાં પતરાં કાઢીને આપી દીધાં હતાં. એવી બોલી કરી કે કોઈને કહેતો નહીં કે મારા ઘરનાં પતરાં કાઢી આપ્યાં છે.. !

તેમણે વીસનગરમાં ૧૯૪૦-૪૧માં નૂતન સર્વ વિદ્યાલયની સ્થાપના કરી હતી. પાંચ શિક્ષકો અને ૫૫ વિદ્યાર્થીઓથી શરુ થયેલી એ સંસ્થાનો બીજો છેડો એટલે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી. અનેક શૈક્ષણિક સંસ્થાઓ, માનવીય-સેવાકીય સંસ્થાઓના તેઓ સ્થાપક. મહા ગુજરાતની લડતમાં પણ સક્રિય હતા. તેમણે જયશંકર સુંદરી દિગ્દર્શિત નાટકમાં અભિનય કર્યો હતો. પહેલી મે, ૧૯૬૦ના રોજ, ગુજરાત સ્થાપના દિવસે, તેમણે 'વનરાજથી જીવરાજ' નાટકમાં સરદાર પટેલનું પાત્ર ભજવ્યું હતું. કન્યા કેળવણી માટે પણ તેમણે અનેક સંસ્થાઓ સ્થાપી હતી.

પડછંદ કાયા, ગોળ હસમુખો ચહેરો, નિર્ભય આંખો અને પ્રભાવક અવાજ. તેમણે સહકારી ક્ષેત્રે સ્થાપેલી મજૂર મંડળીએ ભારતભરમાં ડંકો વગાડયો હતો. છાત્રાલયો, શાળાઓ, વિકાસગૃહ જેવી સંસ્થાઓના સર્જનમાં એમનો અપૂર્વ પુરૂષાર્થ હતો. તેમના હૃદયમાં ગરીબ અને મધ્યમ વર્ગના દુઃખીજનો માટે હમદર્દી હતી. ૧૯૯૦ના દાયકા પછી પાંચ રૂપિયામાં પ્રસૂતિની તમામ સારવાર મળે તેવું દવાખાનું સ્થાપવાનું મનમાં હતું સ્થાપ્યું પણ હતું. સમાજના કુરિવાજો અને વ્યસનનાં દૂષણો સામે પણ તેઓ લડ્યા હતા.

તેઓ ૧૯૮૫માં અપક્ષ ઉમેદવાર તરીકે વિધાનસભામાં જીતીને ગયા હતા. તેમણે ગુજરાત સરકારમાં પંચાયત અને સહકાર ખાતાના મંત્રી તરીકે કાર્ય કર્યું હતું. તેઓ રાજકારણમાં સેવા માટે જ સક્રિય થયા હતા. તેમના રાજકીય જીવનમાં ક્યાંય પ્રપંચ કે કૂટનીતિ નહોતી. તેમણે કદી સત્તાની ખેવના કરી નહોતી. તેમના માટે રાજકારણ લોકકારણ હતું.

તેમનું કેળવણીમાં મોટું પ્રદાન હતું. તેઓ હંમેશા દરેકને કહેતા કે તમે ભૂખ્યા રહીને પણ તમારાં બાળકોને ભણાવજો, આ હતી કેળવણી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા. તેઓ ગુજરાતના મોટા ગજાના કેળવણીકાર હતા, સહકારી આગેવાન હતા, કર્મવીર અને કર્મયોગી હતા. તેમના પગલે પ્રારંભમાં તેમના જમાઈ ભોળાભાઈ પટેલે અને હવે તેમના પૌત્ર પ્રકાશભાઈ એસ. પટેલે વિવિધ સંસ્થાઓને ધબકતી રાખીને પૂજ્ય સાંકળચંદ દાદાનો વિચાર વારસો અકબંધ રાખ્યો છે.

આવા લોકપુરુષોનું તપ જ કોઈ પણ સમાજને સ્વસ્થ બનાવીને લોકોને સાચી શાંતિનો અનુભવ કરાવતું હોય છે.

**છાંયડો :**

સાંકળચંદદાદાએ એક અદ્ભુત વાત કરી હતી. નિસબતી લોકપુરુષને જ આવી અનોખી વાત સૂઝે. તેમણે કહ્યું હતું કે રવિશંકર મહારાજ કહે છે કે ઘસાઈને ઉજળા થઈએ. તેમની વાત સાચી છે, પણ જે વ્યક્તિઓ સમાજ માટે ઘસાઈને ઉજળાં થતાં હોય તે ઘસાઈ ના જાય તેની સમાજે કાળજી રાખવી જોઈએ. કેવી સુંદર ભાવના !